**સ્પેશ્યલ દીવાની કેસ ૨૬/૨૦૨૦**

**આંક–૧ લગત હુકમ:–**

આજ રોજ વાદી કે તેમના વિ.વ.શ્રી હાજર નથી. સદર દાવો નામદાર સ્પેશ્યલ અલંગ કોર્ટ ભાવનગર થી ટ્રાન્સફર થઈને અત્રેની પ્રિન્સીપાલ સિનીયર સિવિલ કોર્ટ તળાજા ખાતે આવેલ હોય જેથી તે બાબતની વાદીને નોટીસ કરેલ જે નોટીસનો શેરો વંચાણે લેતા દાવામાં જણાવેલ સરનામે જઈ તપાસ કરતા '' પ્લોટ નં. ૨૧૩૭/એ વી.કે. બંસલના રહેણાંકી મકાન પર જઈ પુછપરછ કરતા આ મકાનના દરવાજા પર હાજર વોચમેન જણાવે છે કે, બંસલ શીપીંગ પ્રા.લી. અમારા શેઠની જ કંપની છે અને જણાવે છે કે અમોના શેઠની સુચના મુજબ અમે કોઈપણ પ્રકારની નોટીસ કે કોઈ કાગળ સ્વીકારીશુ નહી કે કોઈ જવાબદાર વ્યકિતને બોલાવીશુ પણ નહી '' તેવા શેરા સાથ પરત છે. આજરોજ પણ કોર્ટ સમય પુર્ણ થતા સુધી રાહ જોવા છતાં વાદી કે તેમના વિ.વ.શ્રી હાજર નથી કે મુદત અરજી પણ રજુ કરેલ નથી આમ, ઉપરોકત તમામ સંજોગો લક્ષમાં લેતાં વાદીને આ દાવાનું કામ આગળ ચલાવવામાં કોઈ રસ ન હોવાનું જણાઈ આવતુ હોય વાદીની ગેરહાજરીના કારણ સબબ સદરહુ દાવો કાઢી નાખવાનો હુકમ કરવામાં આવે છે.

તા. ૧૯–૦૩–૨૦૨૧
તળાજા.

પ્રિન્સીપાલ સિનીયર સીવીલ જજ,
તળાજા, જી. ભાવનગર